# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1) રાજ્યમાં પહેલી વાર બ્રિક્સ પરંપરાગત અને દેશી રમતગમત પ્રદર્શન સ્પર્ધાનો અમદાવાદમાં પ્રારંભ – રમતગમતને આંતરરાષ્ટ્રીય સહયોગનું માધ્યમ બનાવવા કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાનો અનુરોધ.
2) રાજ્યમાં વધુ 25 ઔદ્યોગિક એકમોને સહાય આપવા સરકારનો નિર્ણય.
3) રાજ્યની દરેક રેસ્ટોરાંને ગ્રાહકો રસોડાની કામગીરી જોઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાનો અનુરોધ.
4) વલસાડમાં દમણગંગા બેરેજ યોજના ટૂંક સમયમાં શરૂ થતા સિંચાઈની સાથે વાપી શહેરના લોકો તથા આસપાસના ઉદ્યોગોને પાણી મળશે
5) આણંદમાં યોજાયેલી રાજ્યકક્ષાની ખો-ખો સ્પર્ધામાં ડાંગ ના વિદ્યાર્થીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANSUKH MANDAVIYA BRICS

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પરંપરાગત રમતોને દેશોની સાંસ્કૃતિક ઓળખ, વારસો અને પેઢી દર પેઢી સચવાયેલી પરંપરાઓને જોડતું સશક્ત માધ્યમ ગણાવી. અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમતગમત મંત્રાલય દ્વારા રાજ્ય સરકારના સહકારથી આયોજિત એક દિવસની બ્રિક્સ પરંપરાગત અને દેશી રમતગમત પ્રદર્શન સ્પર્ધાનો પ્રારંભ કરાવતા શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે કહ્યું, ગુજરાતમાં પહેલી વાર યોજાઈ રહેલા આ મહોત્સવથી રમતગમતની સમૃદ્ધ પરંપરાના સંરક્ષણ અને સંવર્ધનને વેગ મળશે. તેમણે રમતગમત દ્વારા આંતરરાષ્ટ્રીય સહયોગ , સાંસ્કૃતિક સમજણ અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા ભાર મૂક્યો. શ્રી માંડવિયાએ રમતગમતને સ્પર્ધાથી આગળ વધારી સર્વસમાવેશક વિકાસ, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને આંતરરાષ્ટ્રીય સહયોગનું માધ્યમ બનાવવા અનુરોધ કર્યો.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION SPORTS MINISTER)

*पहला एडिशन भारत में ही आयोजित हुआ। इस वर्ष ही आयोजित हुआ। उसमें 10 ब्रिक्स पार्टनर कंट्री ने भाग लिया है। ब्रिक्स कंट्री आपस में अपनी इंडिजिनियस गेम्स के बारे में परफॉर्मेंस बताएं, परस्पर अपनी कंट्री में ट्रेडिशनल गेम्स को आगे बढ़ाएं और उसका प्रचार-प्रसार करें। इस उद्देश्य के साथ यह ब्रिक्स कंट्री इंडिजिनियस गेम्स डेमोंस्ट्रेशन आज अहमदाबाद में वीर सावरकर स्टेडियम में हो रहे हैं।*

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બ્રિક્સ દેશોને પરંપરાગત રમતોના સંરક્ષણ માટે સંયુક્ત પ્રયાસ કરવા અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં ભારતે મલખંભ, યોગાસન, કલરિપયટ્ટુ, બેલારુસે ગોરોડકી, બોલિવિયાએ લુચા ડી ચોલિટાસ , ટિંકુ, રાયુએલા, ટ્રોમ્પો, કેચીનાસ અને કેરેરા ડી સાયકોસ , બ્રાઝિલે ઝારાબતાના સ્વદેશી બ્લોપાઇપ , કોરિડા ડી ટોરસ લોગ રેસ , બ્રાઝિલિયન પેરા-જિયુ-જિત્સુ અને કેપોઇરા , અને કઝાખસ્તાને અસિક અતુ , તોગીઝકુમલાક અને કઝાક કુરેસી , રશિયા ગોરોડકી અને સામ્બો રમતનું પ્રદર્શન કર્યું.

# GIDC UNIT MANJUR

રાજ્યમાં વધુ 25 ઔદ્યોગિક એકમોને સહાય આપવા અંતિમ પાત્રતા પ્રમાણપત્રો આપવાની મંજૂરી અપાઈ. આ પરિયોજના થકી રાજ્યમાં ત્રણ હજાર 903 કરોડ રૂપિયાથી વધુનું મૂડીરોકાણ આવશે અને અંદાજે આઠ હજાર 178 જેટલી નવી રોજગારીની તકનું સર્જન થશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરની બેઠકમાં આ નિર્ણય લેવાયો. તેનો લાભ અમદાવાદ, મોરબી, ભરૂચ, કચ્છ, વડોદરા, મહેસાણા, ખેડા અને સુરેન્દ્રનગર સહિતના વિવિધ જિલ્લામાં સ્થપાયેલા ઉદ્યોગોને મળશે. આ એકમો ઑટોમોબાઇલ, કાપડ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક તેમજ મેટલ જેવા મહત્વના ક્ષેત્રો સાથે સંકળાયેલા છે.

સરકારના આ પ્રોત્સાહક અભિગમથી રાજ્યમાં મોટાપાયાના ઉદ્યોગોની સાથોસાથ MSME ક્ષેત્રના વિકાસને પણ નવું બળ મળશે અને ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું કેન્દ્ર બની રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# HEALTH MINISTER RESTAURANT

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ રાજ્યમાં દરેક રેસ્ટોરાંમાં રસોડું સ્વચ્છ અને આરોગ્યપ્રદ હોવા પર ભાર આપ્યો. સુરતના મોટા વરાછા વિસ્તારમાં ચુંદડી રેસ્ટોરાં અને મૌસમ રેસ્ટોરાંની મુલાકાત દરમિયાન શ્રી પાનશેરિયાએ શક્ય હોય ત્યાં સુધી રસોડાની કામગીરી ગ્રાહકો જોઈ શકે તેવી પારદર્શક વ્યવસ્થા કરવા જણાવ્યું. તેમણે બંને રેસ્ટોરાંમાં સ્વચ્છ રસોડું, શુદ્ધ ભોજન અને ગ્રાહકોના વિશ્વાસની પ્રશંસા કરી.

આ પ્રસંગે શ્રી પાનશેરિયાએ સ્વચ્છ રસોડું એ સ્વસ્થ ગુજરાત તરફનું પહેલું અને મહત્વનું પગલું ગણાવતા તેમણે સુરતથી શરૂ થયેલી આ પહેલ રાજ્યભરમાં પ્રેરણા બને તેવો અનુરોધ કર્યો.

ઉલ્લેખનીય છે કે, આ બંને રેસ્ટોરામાં રસોડાની સ્વચ્છતા જાળવવા સિવાય રસોડામાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે અને ગ્રાહકો પણ ભોજન બનાવવાની પ્રક્રિયા જોઈ શકે તે રીતે ડિસ્પ્લે ગોઠવવામાં આવી છે.

# HARSH SANGHAVI- SOLA

નાયબ મુખ્યમંત્રી  હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આવતીકાલે   અમદાવાદમાં 158 નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરશે . જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સોલા વિસ્તારની સાલ  ઇન્સ્ટિટ્યૂટ ખાતે  આ  સમારોહમાં  CAA  અંતર્ગત  126 અને કલેક્ટર કચેરી મારફતે નોંધાયેલા 32 શરણાર્થીઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અપાશે.

# DAMAN GANGA NADI YOJANA

વલસાડમાં દમણગંગા નદી પર 159 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારી દમણગંગા બેરેજ યોજના ટૂંક સમયમાં શરૂ થશે. તેનાથી સિંચાઈને લાભ થશે અને વાપીના લોકો તથા આસપાસના ઉદ્યોગોને પાણી મળશે. દક્ષિણ ગુજરાતનાં આદિજાતિ વિસ્તારમાં આકાર પામનારી આ યોજના થકી વલસાડમાં સિંચાઈની સુવિધા વધશે, ભૂગર્ભજળ રિચાર્જ થશે અને જળસંચયનું કામ થશે.

વાપી તાલુકાનાં નામધા ગામ નજીક દમણગંગા નદી પર ‘દમણગંગા બેરેજ યોજના નિર્માણ પામશે. આ બેરેજ યોજનાની કુલ જળસંગ્રહ ક્ષમતા 5.49 મિલિયન ઘન મીટર હશે. વાપી નજીક સૂચિત દમણગંગા બેરેજથી સિંચાઈ અને ભૂગર્ભજળ રિચાર્જ ઉપરાંત પીવાના પાણીની ઉપલબ્ધતા વધશે. ઉપરાંત ખારાશ નિયંત્રણ અને સામાજિક-આર્થિક વિકાસ સહિત અનેકવિધ લાભ મળશે. તેમજ દમણગંગા પરિયોજના દક્ષિણ ગુજરાતના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપશે , તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# BK AMIRGADH RUSHIKESH PATEL

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે બનાસકાંઠામાં અમીરગઢના ઢોલિયા ગામમાં ભૈરવદાદાના મંદિરમાં દર્શન કર્યા. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું , ભૈરવદાદાના મંદિરના વિકાસ અને જરૂરી સુવિધાઓ અંગે કાર્ય કરાશે. તેમણે આદિવાસી બહુલ વિસ્તારોમાં વસતા લોકોની સુખાકારી , વિકાસ અને પ્રગતિ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# VEHICLE POLICY AMENDMENT

રાજ્યની સરકારી વાહન ખરીદ નીતિમાં મોટો સુધારો  કરાયો. તે અંતર્ગત  હવે ઈલેક્ટ્રીક વાહન  EVને પ્રોત્સાહન સાથે ફીલ્ડ અને ઑફ-રોડ કામગીરી માટે પણ વાહનો ખરીદી શકાશે. આ સુધારા દ્વારા બે નવી કૅટેગરી ઉમેરવામાં આવી.

સરકારી વાહન વ્યવસ્થાને માત્ર પદ સાથે નહીં પરંતુ કામગીરીની વાસ્તવિક જરૂરિયાત સાથે જોડવાનો આ સુધારો આગામી સમયમાં સરકારી કામગીરીને વધુ સુગમ અને અસરકારક બનાવવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે  તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# CHHOTAUDEPUR-AWARD

છોટાઉદેપુરને પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના હેઠળ સિંચાઈ માળખાકીય સુવિધાઓના સુધારામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ 'બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રિક્ટ'નો રાષ્ટ્રીય પુરસ્કાર  એનાયત  કરાયો. નવી દિલ્હી માં યોજાયેલા સમારોહમાં કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે   જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનને આ   પુરસ્કાર આપ્યો હતો.  આ સન્માનથી જિલ્લામાં સિંચાઈ સુવિધાઓના વિકાસ અને કૃષિ ક્ષેત્રે થયેલી કામગીરીને રાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી છે.

આ ઉપરાંત  કચ્છ જિલ્લાનું સર્ટિફિકેટ ઑફ એક્સેલેન્સ  અને પુરસ્કારથી સન્માન કરાયું. કચ્છ જિલ્લા કલેક્ટર અનિલ રાણાવાસિયા અને જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલાએ આ પુરસ્કાર સ્વીકાર્યો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# PBR NO JUNK FOOD VILLAGE

પોરબંદરનું ગરેજ ગામ જિલ્લાનું પ્રથમ “નો જંકફૂડ ગામ” બન્યું છે. બાળકો અને ગ્રામજનોના આરોગ્યની જાળવણી માટે પોરબંદર તાલુકાના આ ગામે ઐતિહાસિક અને પ્રેરણાદાયી નિર્ણય કર્યો છે. પાંચ કે 10 રૂપિયામાં પેકેટબંધ નાસ્તાથી બાળકોના સ્વાસ્થ્ય પર થતી અસરને લઈ સમગ્ર ગામે જંકફૂડનો બહિષ્કાર કર્યો છે. ગામમાં કુલ 32 દુકાનદારોએ ગામને આ કામમાં સહકાર આપ્યો છે. આ અંગે સ્થાનિક દેવા રણમલે વધુ માહિતી આપી.

**(BYTE: DEVA RANMAL, LOCAL PERSON, GAREJ GAM)**

***સરપંચ તથા ગામના વડીલો દુકાનદારો બધાય મળીને આ એક નિર્ણય લીધો . બાળકોના આરોગ્ય માટે પાંચ રૂપિયા વાળા 10 રૂપિયા વાળા પડીકા બંધ કર્યા એ ખૂબ સારો નિર્ણય છે . આ બધો નિર્ણય લીધો છે એ બદલ ગામનો દુકાનદારોનો બધાયનો આભાર કે આ નિર્ણયને સાથ સહકાર આપ્યો.***

# VLS TAPAL TICKET KHAJANO

**વલસાડમાં વિક્રમ ચાંપાનેરીનો 42 વર્ષનો અનોખો ફિલાટેલી પ્રેમ જોવા મળ્યો. તિથલ રોડ પર સ્વર્ગાશ્રમ મંદિરની ગલીમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં રહેતા વિક્રમ ચાંપાનેરીએ વર્ષ 1984માં 17 વર્ષની વયથી ટપાલ ટિકિટ એકત્રિત કરવાની શરૂઆત કરી હતી. 20 દેશની ગાંધીજીની જન્મજયંતીની દુર્લભ ટિકિટ પણ તેમની પાસે ઉપલબ્ધ છે. ફન વિથ ફિલાટેલી ડે નિમિત્તે વલસાડ હેડ પૉસ્ટઑફિસમાં વિદ્યાર્થીઓએ તેમની ટિકિટના ખજાનાને નિહાળ્યો હતો. આ અંગે વલસાડ હેડ પોસ્ટઑફિસના ડેપ્યુટી પૉસ્ટ માસ્ટર મુકેશ પટેલે વધુ માહિતી આપી.**

**(BYTE: MUKESH PATEL, DEPUTY POST MASTER, VALSAD HEAD POST OFFICE)**

***આજનો દિવસ અમારે પોસ્ટલ ડે વીક તરીકે ઉજવી રહ્યા છીએ. એમાં 12-10 ફિલાટેલી ડે તરીકે ઉજવવામાં આવે છે. મેઈન હેતુ છે કે આપણા જે ડિપાર્ટમેન્ટમાં જે ફિલાટેલી છે એનું મહત્વ લોકો સુધી જાગૃત કરવા માટે અને વિદ્યાર્થીઓને જાણકારી માટે ખાસ આ ડે ઉજવવામાં આવે છે . એના અનુસંધાને આજે સારી એસવી સ્કૂલે ભાગ લીધો અને એમને ફિલાટેલી વિશે જાણકારી આપવામાં આવી છે.***

# DANG PLAYERS MEDAL

ડાંગની બીલીઆંબા અને ગાઢવી શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની 17 વર્ષથી ઓછી વયની ખો-ખો સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો. આણંદના ધર્મજ માં ભારતીય શાળાકીય રમતગમત મહામંડળ સ્પર્ધા અંતર્ગત યોજાયેલી સ્પર્ધામાં ડાંગની ટીમે પ્રારંભિક લીગ મેચોમાં ગીર-સોમનાથ , બનાસકાંઠા અને અરવલ્લી જેવી મજબૂત ટીમને પરાજય આપ્યો. ત્યારબાદ સેમીફાઇનલમા પંચમહાલ ને હરાવ્યું તેમજ ફાઈનલમાં મોરબીને હરાવી આ સિદ્ધિ મેળવી.

સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા , બીલીઆંબાના 10 વિદ્યાર્થીઓ અને સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા , ગાઢવીના બે તેમ કુલ 12 ખેલાડીઓએ ડાંગની વિજેતા ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# NAVRATRI BIJO DIVAS

ભક્તિ અને શક્તિના મહાપર્વ નવરાત્રિના બીજા દિવસે આજે માઁ દુર્ગાનાં દ્વિતીય સ્વરૂપ માઁ બ્રહ્મચારિણીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે જણાવ્યું , માઁ બ્રહ્મચારિણી તપ , ત્યાગ, સદાચાર અને સંયમનું પ્રતીક છે. માઁ ભગવતી આપણા સૌના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે અને કોઈ પણ કઠિન પરિસ્થિતિમાં અવિચળ રહીને સન્માર્ગે ચાલવાની શક્તિ તથા સંયમ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

# SEVA-SANKALP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે નિમિત્તે રાજ્યભરમાં સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. આણંદમાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ના દોઢસો વર્ષની ઉજવણી કરવામાં આવી. વિવિધ શાળાના 6 હજારથી વધુ વિદ્યાર્થીએ માનવ શૃંખલા રચી દેશભક્તિનો સંદેશ આપ્યો.

# SRT PLAYER

બેંગ્લોરમાં યોજાયેલી બીજી એશિયન માસ્ટર્સ સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં સુરતના ખેલાડી ધર્મેન્દ્ર સોપારીવાલાએ ચોથો ક્રમાંક મેળ વ્યું. ચારથી 10 ઑક્ટોબર સુધી યોજાયેલી સ્પર્ધામાં તેમણે 60થી 64 વર્ષના પુરુષ વર્ગની 200 મીટર બટરફ્લાય સ્વિમિંગ સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી.

# PBR STATE CHESS COMPETITION

પોરબંદરમાં યોજાયેલી રાજ્યકક્ષાની ચેસ સ્પર્ધામાં ખેલાડી અર્ચના બામણિયાએ સમગ્ર રાજ્યમાં ત્રીજો ક્રમાંક મેળવ્યો. હવે તેઓ રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધામાં ભાગ લેવા જશે. ભારતીય શાળાકીય રમતગમત મહામંડળ – SGFI અંતર્ગત યોજાયેલી 17 વર્ષથી ઓછી વયની રાજ્યકક્ષાની સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી.

મહાનગરપાલિકા સંચાલિત M.E.M. શાળામાં ધોરણ 10માં ભણતાં અર્ચના બામણિયા ચેસ જેવી બૌદ્ધિક રમતના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવી અન્ય વિદ્યાર્થીઓ ને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું.